Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

## ધનને સૂંઘીને લેતાં શીખો

આપણે બજારમાં ઘી કે તેલ લેવા જઇએ છીએ ત્યારે લેતાં પહેલાં સૂંઘીએ છીએ. કેરી કે અગરબત્તીની પણ સોડમ લઇએ છીએ. ચેવડો કે બદામ ખારી નથી ને એમ નક્કી કરવા તે પણ ચાખી ચકાસીને લઇએ છીએ; માટલો લેવા જઇએ તો પણ ટકોરો મારીને ખરીદીએ છીએ. આમ, આપણે જે કાંઈ ઘરમાં લાવીએ છીએ તેને સૂંઘીને, ચકાસીને, ટકોરો મારીને લાવીએ છીએ; પણ આપણા ઘરમાં જે કાંઇ લક્ષ્મી લાવીએ છીએ તેને નથી સૂંઘતા, નથી ચકાસતા કે નથી ટકોરા મારતા. એ તો ગમે તેટલી, ગમે ત્યાંથી, ગમે તે રીતે આવી હોય તો વાંધો જ નહિ. વસ્તુતઃ એક એક કણની જેમ એક એક પૈસો જે કમાઇએ તેને પૂછતાં શીખો કે તે ક્યાંથી, કેવી રીતે આવ્યાં. નીતિથી, પ્રમાણિકતાથી, ધર્મથી આવેલો છે કે કેમ તે સૂંઘતાં શીખો. આપણને એ ટેવ નથી જે કમાયા ચપ દઇને ઘરમાં ઘાલી દઇએ છીએઃ પણ આપણે જેમ ખરાબ કે કાચો માલ ઘરમાં ન ઘાલીએ તેમ અનીતિ, અધર્મ, અપ્રમાણિકતાનો મેલો પૈસો પણ ઘરમાં ન ઘાલીએ, તે લક્ષ્મીને પણ સૂંઘીને લેતાં શીખી જઇએ તો સુખસુખ થઈ જશે.

રવિશંકર મહારાજ


પુસ્તક ૫૭
અંક ૯

પ્રકાશકઃ-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

અષાઢ
સં. ૨૦૧૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## विषयानुक्रम


| | | |
|---|---|---|
| ૧. સુભાષિત | | ૧૦૯ |
| ૨. આત્મા ક્યાં છે? | ( શ્રી પાદરાકર ) | ૧૧૦ |
| ૩. સ્વપ્ન અને જાગૃતિ | ( શ્રી બાલચંદ હીરાચંદ ) | ૧૧૧ |
| ૪. આડંબરી અતિરેક | ( શ્રી મોહનલાલ દી. ચોકસી ) | ૧૧૪ |
| ૫. સદાચરણનું વ્યાપક સ્વરૂપ | ( મુનિરાજ શ્રી મહા પ્રભવિજયજી ) | ૧૧૬ |
| ૬. જીવનમાં પ્રેમ અને ઓજસ્નું મહત્ત્વ ( શ્રી પ્રણવ ) | | ૧૨૦ |
| ૭. સમાચાર સાર | | ૧૨૪ |



# તુરત વસાવી લેવા જેવા અલભ્ય ગ્રંથો

## ચાતુર્માસ અંગે ખાસ રાહત

ચાતુર્માસ અંગે નીચેના ગ્રંથો જો આપની પાસે ન હોય તો તુરત વસાવી લેવા વિનંતિ છેઃ—

### ગુજરાતી—સાહિત્ય

શ્રી પાર્શ્વનાથ ચરિત્ર. પ્રાસંગિક રંગબેરંગી ચિત્રો સહિતનો મહાન ગ્રંથ મૂલ્ય રૂા. ૧૩–૦

| | | | |
|---|---|---|---|
| કથારત્નકોષ | ભાગ. ૧ લો. | ,, | રૂા. ૧૦–૦ |
| કથારત્નકોષ | ભાગ. ૨ જો. | ,, | રૂા. ૮–૦ |

બન્ને ભાગમાં અનોખી ભાત પાડતી નવીન કથાઓનો સંગ્રહ રજૂ કરવામાં આવેલ છે બન્ને ભાગની કિંમત રૂા. ૧૮ થાય છે. એમ છતાં બન્ને ભાગના રૂા. ૧૪=૦૦ માત્ર લેવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| દમયંતી ચરિત્ર | રૂા. ૬=૫૦ | કથા દીપઃ | રૂા. ૧=૫૦ |
| સંઘપતિ ચરિત્ર | રૂા. ૬=૫૦ | ધર્મકૌશલ્ય | રૂા. ૧=૭૫ |
| શ્રેયાંસનાથ ચરિત્ર | રૂા. ૭=૫૦ | જ્ઞાનપ્રદીપ ભા. ૧–૨–૩ | રૂા. ૮=૦૦ |

ઉપરના તમામ ગ્રંથો, પૈકી રૂા. ૭૫ થી વધારે કિંમતના ગ્રંથો મંગાવનારને ચાતુર્માસ અંગે ખાસ કેસ તરીકે ૨૫% કમીશન કાપી આપવામાં આવશે અને રૂા. ૭૫ થી ઓછી કિંમતના ગ્રંથો લેનારને ૨૦% ટકા કમીશન કાપી આપવામાં આવશે.

લખોઃ **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૫૭ મું ] અશાડ તા. ૧૫-૭-૬૦ [ અંક ૯

# सुभाषित

अबंभचरिअ घोर पमाय दुरहिट्ठिय
नायरंति मुणी लोए भेआयतण वज्जिओ ॥ दशवैकालिक.

અબ્રહ્મચર્ય, પ્રમાદ, ભય, નિરાશા અને દુરાગ્રહનું કારણ છે. મુનિઓ તેનાથી બચવા માટે બ્રહ્મચર્યની આરાધના કરે છે.

नत्थि एरिसो पासा पडिबंधो अत्थि सव्वजीवाणं ॥ (प्रश्न.)

સંસારમાં જીવોને જકડી રાખવા માટે પરિગ્રહથી વધે એવું કોઈ બંધન નથી.

न तं अरी कंठ छेत्ता करेइ जं से करे अप्पणिया दुरप्पा।

માથું કાપી લેનાર શત્રુ પણ એટલો અપકાર નથી કરતો, કે જેટલો દુરાચરણમાં આસક્ત આત્મા અપકાર કરે છે. उत्तराध्ययन.

पुरिसा! अत्ताणमेव अभिणिगिज्झ एवं दुक्खा पमुच्चसि।

માનવ! તું તારી જાતને વશ કરી લે, તો સમસ્ત દુઃખોથી મુક્ત થઈ જઈશ. आचारांग.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મા ક્યાં છે?

ફોડીને પ્હાડ હૈયાના—ભેદી પત્થરોને ઊંડા,
ધબકતો આદમ મસ્તાનો—મરજીવાને જ સાંપડે;
રહે ડૂબ્યો જ પાતાળે, છૂપાયેલો ગૂફા ઊંડે,
કળાતો ના કળાયલથી, આત્મા એને સહુ કથે.!

મહારિદ્ધિ સદા એની, વહેતી સિદ્ધિ વેગથી,
પ્રકાશે દિવ્ય તેજસ્વી, જ્ઞાનવિદ્યુત તેજથી;
લક્ષ્મી એની મહામસ્તી, શારદા સુવિચારણા,
યોગવિદ્યા જીવનજ્યોતિ, આરાધે ધ્યાન ધારણા.

તિતિક્ષા ત્યાગ શમ દમ ને, દયા દાન સમર્પણા,
નિજાનંદ સુચેતનતા, લખ અલખની વિચારણા;
શોક શંકા ભર્યાં ભ્રાન્તિ, સ્પર્શતી નવસર્વદા,
કામ ક્રોધ વિકલ્પોની, શ્રેણી બળી પ્રજાળી ત્યાં.


સચ્ચિદાનંદ તત્ સત્ જ્યાં, અનાહદ જ ગુંજતા,
સાદ સોહમ્ ૐ ૐ ના—નાદ શૂન્ય બની જતા;
નિરંજન નિરાકારા સદા ધારા રસામૃતે,
રચે છે રાસ ખેલે છે અજરામર સર્વદા.

યોગીનો યોગી મહાભોગી, રમે સુમતિ સદ્ગુણીથી,
વિરામે મસ્ત આલમની, બ્રહ્મ એકલ ધુણીથી;
એજ આત્મા પરમઆત્મા, પામતા કોક યોગીઓ,
પુષ્પ ચંદન પૂજે એને, મણિ વિશ્વ વિરાગીઓ.

શ્રી પાદરાકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વપ્ન અને જાગૃતિ

( લેખક—શ્રી બાલચંદ હીરાચંદ, સાહિત્યચંદ્ર )

સ્વપ્નાવસ્થા એ દરેક માણસના અનુભવની વસ્તુ છે. દરેક માણસને અનેક જાતના સ્વપ્નો આવે છે. અને તેમાંનાં ઘણાંખરાં સ્વપ્નો તરત ભૂલી પણ જવાય છે. કેટલાએક સ્વપ્નો એવા હોય છે કે, તેનું સ્વપ્ન અખંડ રીતે સ્મરણમાં રહે છે અને પ્રસંગોપાત તેનું સ્મરણ થઈ આવતા આશ્ચર્ય લાગે છે. સ્વપ્નના કારણો કે તેના સારામાઠા પરિણામોની ચિકિત્સા કરવાનું આ સ્થાન નથી. અમો તો સ્વપ્ન અને જાગૃતિ એ અવસ્થાનો ભેદ ઓળખી આપણે સાવચેતી રાખવાની કેટલી જરૂર છે એનો વિચાર કરીએ, એટલું જ કાર્ય અત્રે પ્રસ્તુત છે.

એક ઠેકાણે જણાવવામાં આવ્યું છે કે, જ્યારે આખું જગત ઘોર નિદ્રામાં તદ્દન સ્થિર અને સ્વસ્થ પડેલું હોય છે, ત્યારે યોગી સંત મહાત્મા જાગતા હોય છે. એટલે શું ! જગત દિવસે જાગતું હોય ત્યારે યોગીઓ પથારીમાં પોઢી રહે છે ? અને જ્યારે જગત ઊંઘેલું હોય ત્યારે યોગિઓ હરતાફરતા હોય ! આવો અર્થ તો તદ્દન અસંગત જ કહેવાય. વાસ્તવિક અર્થ એવો થાય છે કે, જે જગતની ઘટનામાં, ઉપભોગમાં, સ્વાદમાં અને મોજશોખમાં આપણે આનંદ—સુખ અનુભવીએ છીએ, ખૂબ ઉત્સાહ બતાવીએ છીએ અને પોતાના જન્મનું જાણે સાર્થક થયું હોય, આપણે કૃતકૃત્ય થઈ ગયા, આપણું ઇષ્ટ સાધ્ય થયું, એવું માનતા હોઇએ એ જ અવસ્થામાં યોગિઓને જરા જેવો પણ આનંદ આવતો નથી, અર્થાત્ જ્યાં આપણે રસ કે સ્વાદ અનુભવીએ ત્યાં યોગીજનોને જરાપણ આનંદ આવતો નથી. વ્યસની માણસ પોતાના વ્યસનનો આનંદ માનતો હોય ત્યાં નિર્વ્યસનીને ઊલટો તિરસ્કાર છૂટે છે. બીડી અને તમાકુનું સેવન કરનારને એના સેવનમાં સુખસમાધાન થયું એમ લાગે છે. જ્યારે તેની દુર્ગંધથી ઘણાઓને ઓકારી આવે છે, એવો એ પ્રકાર છે. ધનનો લોલુપ માણસ તે મેળવવા માટે ગમે તેવા નીચ કામો કરે છે, ઘૃણાસ્પદ આચરણો કરે છે. સ્નેહી કે સગાની પણ એને ઓળખ હોતી નથી. અને બીજા કેટલાએક એવા હોય છે કે, ગમે તેટલા દ્રવ્યને પણ એ પોતાની ટેક અને સચ્ચાઇ માટે ઠોકરે મારે છે. કહેવું પડશે કે એ લોભને જીતી જાણે છે. એને મન સત્ય એ સર્વોપરી છે અને તુચ્છ સ્વાર્થ એ ફગાવી દેવા જેવી વસ્તુ છે.

સંતમહાત્માઓની આવી જ અવસ્થા હોય છે, એટલે જે વસ્તુમાં કે કાર્યમાં આપણે સંતોષ અને આનંદ માનીએ છીએ તે જ કાર્યમાં સંતોને દુઃખ જણાય છે. અર્થાત્ સંતોનો આનંદ અને સામાન્ય માણસનો આનંદ એમાં ઘણો ફેર હોય છે. સંતો તો પોતાના જ્ઞાનધ્યાનમાં અને પ્રભુભક્તિમાં એટલા મસ્ત હોય છે કે, એઓ પોતાને પણ ભૂલી જાય છે. એમને ખાવાપીવાનું પણ સ્મરણ રહેતું નથી અને જમવા છતાં આપણે શું જમ્યા તેનું ભાન હોતું નથી. અર્થાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ અવસ્થામાં તેઓ પોતાના જ્ઞાનધ્યાનમાં જાગતા હોય છે. પણ શરીર અને ઇંદ્રિયોના સુખમાં તેમને જરાએ રસ ન હોવાથી તેઓ એ દૃષ્ટિએ ઊંઘે જ છે.

સામાન્ય માણુસ ઇંદ્રિયોના સુખોમાં જાગતો હોય ત્યારે તે જ બાબતમાં સંતો ઊંઘતા હોય છે. અને જ્ઞાનધ્યાનમાં જ્યારે સામાન્ય માણુસ રસ ન ધરાવતો હોય ત્યારે એ દેખવામાં જાગતો છતાં વાસ્તવિક રીતે ઊંઘતો જ ગણાય. એનો એવો અર્થ થયો કે ઊંઘ અને જાગૃતિ એ આત્માને આશ્રયીને ગણવાની હોય–આંખ મીંચી આડા પડી રહેવામાં કે હરતાફરતા રહેવામાં નહીં.

આપણે પોતે જાગીએ છીએ કે ઉંઘી રહેલા છીએ એનો વિચાર કરીએ. વાસ્તવિક રીતે વિચાર કરતા તો આપણુને આપણા આત્માનું સ્મરણુ પણ નથી. આપણે કોણુ છીએ ? કયાંથી આવ્યા છીએ ? અને કયાં જવાનું છે ! એનું આપણુને ભાન સરખું પણ નથી. આપણે પ્રવાસે નિકળેલા હોઈએ અને રસ્તામાં કાંઈ ખેલ–કુતુહલ ચાલતું હોય, આપણે કોઈ મિત્ર કે સાથી મળી જાય, એ આપણુને અનેક જાતનો લાભ બતાવે, આપણુને એ સાચો લાગે, અને આપણો સાચો માર્ગ છોડી એના બતાવેલા માર્ગે જઈ ફસાઇ પડીએ, ભૂલભૂલામણીમાં અવળો માર્ગ લઈ ફસાઈ પડીએ, અને પાછળથી પસ્તાઇએ કે આ શું થઈ ગયું ? એટલે એ એક જાતનું લાંબુ સ્વપ્ન અનુભવીએ એવી આપણી વિચિત્ર સ્થિતિ થઈ ગઈ છે. આપણે સ્વપ્નસૃષ્ટિમાં છીએ કે વાસ્તવિક સત્યસૃષ્ટિમાં એટલે જાગૃત સ્થિતિમાં છીએ એનું આપણુને ભાન પણ હોતું નથી.

સાચા સંત મહાત્માઓ સવેળા જાગૃત થઇ જાય છે, તેમને સ્વપ્ન અવસ્થાનું ભાન થઈ જાય છે. અને તેઓ સ્વપ્નમાંથી બહાર આવી વખતસર સજાગ થઈ સાચા માર્ગે પોતાનું પ્રયાણુ શરૂ કરી દે છે. આવી હોય છે નિદ્રાવસ્થા, સ્વપ્નાવસ્થા અને જાગૃત અવસ્થા.

આપણે સંત મહાત્માની વાત કહી ગયા. સંતો અને યોગિઓ એવા હોય એ દેખીતું છે. પણ આપણી સાથે એ સ્વપ્નાવસ્થા કે જાગૃતાવસ્થાનો કાંઇ સંબંધ પહોંચે છે કે કેમ ? તેનો વિચાર આપણે અવશ્ય કરવો જોઇએ. બધા જ કાંઈ યોગીની કોટીમાં આવી બેસે નહીં એ દેખીતું છે. પણુ સ્વપ્નાવસ્થા અને જાગૃતાવસ્થાની ઓળખાણુ તો આપણે હોવી જ જોઇએ સ્વપ્નાવસ્થામાંથી આપણે ખસી શકીએ નહીં. એક પાંજરામાં આપણે પૂરાએલા હોઇએ, એ પાંજરાને તાળું વાસેલુ હોય, તે તાળું તોડવાનું સામર્થ્ય આપણામાં નથી એવી અવસ્થામાં પણ આપણે પાંજરામાં પૂરાએલા છીએ, છૂટા થવાની જરૂર છે, પાંજરૂં એ પરવશતા છે. એક દિવસ એવો ઊગે કે જ્યારે આપણે છૂટા થઇ સાચો આનંદ માણીએ અને મુક્ત થઈ નિજાવસ્થા પામીએ. એવો વિચાર પણુ આપણા મનમાં ન આવે અને પાંજરામાં પૂરાએલી અવસ્થામાં જ આપણે ખુશીમાં મ્હાલતા રહીએ ત્યારે એ આપણી સ્વપ્નલાંછિત નિદ્રાવસ્થા જ ગણાય. મૂર્ખાઓની દુનિયામાં જ આપણે વિચરીએ છીએ એ સમજી રાખવું જોઇએ. પાંજરામાં પૂરાએલો માણુસ જો એટલું સમજી જાય કે, હું પાંજરામાં છું, અને હું છૂટો થઉં તો જ સાચી રીતે હું સ્વતંત્ર થઇ આત્માનો આનંદ ઉપભોગી શકું. જ્યાં સુધી હું પરવશપણે જીવન પૂરૂં કરી રહ્યો છું ત્યાં સુધી હું કેદી કે બંદીવાન છું, એટલુ પણ આપણે જાણી શકીએ, એવો ડંખ આપણા મનમાં પણ રમતો હોય તો જ આપણે વખત આવતા છૂટવાનો કાંઈક પ્રયત્ન કરી શકીએ. પણુ આપણે પરવશ એવા બંદિવાન છીએ એવી કલ્પના પણુ આપણા મનને સ્પર્શ ન કરે ત્યાંસુધી આપણે શી રીતે છૂટી શકીએ ?

જેલનિવાસ એ કેટલાએક લોકોને ઘર જેવો લાગતો હોય, છૂટા થવું એ જેને ગમતું જ ન હોય, એ માણુસ મુક્ત શી રીતે થઈ શકે ? વારે ઘડીએ અપરાધો કે કર્મબંધનો કરતો રહી જેલના સળિયા પાછળ જે પોતાનું જીવન વિતાવવું જ પસંદ કરે એના માટે કયો રસ્તો હોઇ શકે ? વીસ વીસ વખત સજા ભોગવવા માટે જેલમાં ગયેલા માનવો અમોએ જોએલા છે. એ ઉપરથી કહેવું પડશે કે, વધારે કે ઓછા પ્રમાણુમાં આપણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવસ્થા પણ એવી જ છે. આત્માની દૃષ્ટિએ આપણે સતત ઉંઘમાં જ છીએ. અને અનેક જાતના સ્વપ્નો જોઇ રહેલા છીએ. એ સ્વપ્નોના વિવિધ સુખો અને દુઃખો, રાગ અને રંગ, મોજ અને ઢંગ, આપણી નજર સામે તરલિત થઈ રહ્યા છે. અને એ ચિરસ્વપ્ન કેમે પૂરું થતું નથી. એ જ જાગૃતિ છે અને સત્યસૃષ્ટિ છે એવી ભ્રમણામાં આપણે જાગતા જ છીએ એવી ભ્રમણા આપણે સેવી ખૂબ આનંદમાં આવી જઇએ છીએ અને એ ચિર સ્વપ્નાવસ્થાને જ સ્થિર અને સાચી અવસ્થા છે એમ માની લઇએ છીએ. પણ એક દિવસ એવો ઉગશે કે, હાય! હાય! આ શું થયું? આ તો બધું સ્વપ્ન જ હતું! આવી અવસ્થા પ્રાપ્ત થવા પહેલાં જ આપણે જાગી જઇએ તો કેવું સારું!

ઉપરના વિવેચન ઉપરથી આપણા જોવામાં આવ્યું હશે કે, આપણે પોતાના આત્માની સાક્ષીએ અને આપણે પોતે આત્મા છીએ એ મુદ્દો ધ્યાનમાં રાખી જે કાંઈ કરીએ અને આ અનાત્મીય સંસાર વધારનારી વસ્તુઓ અને ક્રિયાઓ છે તે બધી સ્વપ્ન સદૃશ અને અસ્થિર છે એમ સારી રીતે સમજી લઇએ ત્યારે જ આપણે થોડા પણ જાગતા છીએ એ સિદ્ધ થઈ શકે. અને તે સિવાયની આપણે જે ક્રિયા કરતા હોઇએ તે બધી સ્વપ્નાંતર્ગત છે એમ સમજીએ એ જ સાચી જાગૃતિ છે.

આપણે જરા એકાંતમાં સ્થિરચિત્તે પોતાના માટે વિચાર કરીએ કે આપણે પોતે ઊંઘીએ છીએ કે જાગૃત છીએ? આપણે સ્વપ્નના લાડુ ખાઇએ છીએ કે સાચા? આપણે સ્વપ્નમાં રાજગાદી ભોગવીએ છીએ તે સાચી? આપણી આ સ્વપ્નની રાજગાદી ભીખારીના વેષમાં તો ફેરવાઇ નહીં જાયને? જરા શાંતિથી આપણે કોણ છીએ એ ઓળખી સ્વપ્ન છોડી જાગી જાઓ અને પોતાની જાતને ઓળખો તો કેવું સારું?

---

अज्ञः सुखमाराध्यः सुखतरमाराध्यते विशेषज्ञः ।
ज्ञानलवदुर्विदग्धं ब्रह्मापि नरं न रञ्जयति ॥

( દોહરા )

સહેલો છે સમજાવવો, મહામૂરખ જગમાંહ્ય!
એથી પણ સહેલી રીતે, સમજુ સમજાવાય;
પણ અલ્પજ્ઞાની અને અર્ધદગ્ધ જે કોય;
બ્રહ્માથી પણ તેમનું, સમાધાન નવ હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આડંબરી અતિરેક

શ્રી મોહનલાલ દી. ચોકસી

હિંદી સાપ્તાહિક ધર્મયુગના માર્ચ અંકમાં ' ભારતના કલાકેન્દ્રો ' નામા શ્રી અનિલકુમારે એક સુંદર લેખ લખ્યો છે. એમાંનો નિમ્ન ફકરો અહીં એટલા સારુ ઉદ્ધૃત કરવામાં આવેલ છે કે જેથી આપણે જૈનો એક કાળે શિલ્પ—કળા–સાહિત્ય આદિના પૂજકો, પ્રશંસકો, અરે એ સુપ્રમાણમાં વિસ્તરે એ માટે વિપુલ દ્રવ્ય ખરચનારા તરીકે ખ્યાત હતા, તેઓ આજે આડંબર ને ઉપરછેલ્લા દેખાવોમાં કેટલી હદે ઉતરી પડ્યા છીએ તેનો કંઈક ખ્યાલ આવે.

" હિન્દુ, બૌદ્ધ, ઔર જૈનોંકે મન્દિર કેવલ ધર્મ કે કેન્દ્ર નહીં થે, વે કલા કે કેન્દ્ર ભી થે. સંસ્કૃતિ કા સંદેશ સિંહાસન કે આસપાસ નહીં, ઈન મન્દિરો મેં ગૂંજા કરતા થા. શિલ્પ, નૃત્ય, સાહિત્ય, ઔર સંગીત કલાઓંકા વિકસિત રૂપ ઈન પુરાતન મંદિરોં કે આસપાસ દીખ પડતા હૈ. ઉદયગિરિકી બૌદ્ધકાલીન ગુફાયેં (ઈસા પૂર્વ દૂસરી સદી) ખંડગિરિ કે જૈન મન્દિર તથા કોણાર્ક કા ધ્વસ્ત સૂર્યમંદિર ઉત્કલ કે મહાન હૈ. યે મંદિર ઔર ગુફાયે ધાર્મિકોં એવં પુરાતત્વવેત્તાઓં કે લિએ સમાન આકર્ષણ રખતે હૈ. જૈન બૌદ્ધ શૈવ ઔર વૈષ્ણવ આરાધકોં કે લિએ ઉત્કલ કે મંદિર સમાન મહત્ત્વ રખતે હૈ."

આજે આપણે કેટલા કળાપૂજક રહ્યા છીએ ? સંસ્કૃતિના આ અનુપમ ધામોમાં–ખુદ વીતરાગ ભગવંતની સામે જ ધમાચકડી ને બોલાચાલી પૂજન વેળા કરીએ છીએ ! રાગ દ્વેષ કે કષાય ઓછા કરવાનો એ ભગવંત પાસેથી બોધપાઠ ગ્રહણ કરવાને બદલે દ્રવ્યના જોરે, જાતજાતની આશાતના અને નિયમભંગ કરતા અચકાતા પણ નથી ! ભક્તિના અતિરેકમાં પુષ્પો એ વનસ્પતિકાયના જીવો છે. એની કિલામણા ન કરાય, એ ઉમદા શિક્ષાને તો સાવ વિસારી મૂકી છે ! પૂર્વજોની દીર્ઘદર્શિતા વગર દેવમંદિરો અને મૂર્તિઓ ભરાવ્યા જઈએ છીએ ? એમ કરવામાં પુન્ય છે એ વાત જેટલી સાચી છે તેટલી જ સાચી એ વાત પણ છે કે એ મંદિરોનો સારી રીતે નિભાવ થાય, અને એમાં વિરાજમાન કરેલ જિનબિંબોનો યોગ્ય રીતે પ્રબંધ કરવાનો ધર્મ પણ છે જ. મોટા તીર્થસ્થળોમાં કે જ્યાં જૈન ઘરનો અભાવ હોય ત્યાં પૂજારી રાખવા પડે પણ જ્યાં આપણે બારે માસ વસતા હોય ત્યાં પણ મંદિર અને ભગવંત પૂજારીના ભરોસે સોંપવા પડે એનો અર્થ શો ? કેવળ તૈયારી ટાણે ટિલક કરી આવ્યા એટલે ગંગા નાહ્યા જેવી વૃત્તિ આજે ઘણા સ્થળોમાં દૃષ્ટિગોચર થાય છે. આ દીવા જેવી વાત નેત્રો સામે આવતી હોવા છતાં નવા જિનબિંબો અને ગુરૂમૂર્તિઓ ભરાવ્યા જઈએ છીએ ? આવક વધારવાના નામે–માત્ર ગર્ભગૃહમાં બિંબ પધરાવી સંતોષ પકડવાને બદલે–બહારના ટાંકા અને ગોખલા પણ બાકી રાખતા નથી ! તીર્થંકર દેવોના યક્ષ–યક્ષણી પણ હવે તો ખાસ કરી સ્થાપના કરવામાં આવે છે. આશ્ચર્યની વાત તો એ છે કે આ બધી પ્રવૃત્તિ જોરશોરથી એક તરફ ધર્મના નામે–પુન્ય પ્રાપ્તિના નામે-વધી રહી છે અને બીજી તરફ વિદ્વાન્ મુનિપુંગવો કે સૂરિપુંગવો પ્રતિષ્ઠિત કરતી વેળા ભગવંત શ્રી મહાવીર દેવનો સંવત લખાવવાનું પણ લક્ષ્ય રાખતા નથી ! પૂર્વકાળની મૂર્તિઓ પર ભરાવનારના શ્રેયાર્થે જેવા ઉલ્લેખો અને કયા ગચ્છના મુનિપુંગવે, કયા રાજવીના સમયમાં પ્રતિષ્ઠા કરાવી તે વિગત હોય છે. એમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પત્નીઓની ભરમાર જણાતી નથી, પણ આજે તો લાંબા ઉલ્લેખમાં ભળતી જ વાતો જોવાની મળે છે!

ગૂજરાત અને સૌરાષ્ટ્રમાં પ્રવાસ કર્યો એમ રાજસ્થાનમાં પણ થયો છે. સરખામણી કરતાં જોવામાં આવ્યું છે કે કળા-શિલ્પઆદિની નજરે જે અપૂર્વ વારસો પૂર્વજો તરફથી આપણને રાજસ્થાનમાં મળ્યો છે એના પ્રમાણમાં શરૂઆતના સ્થાનોમાં અર્થાત્ આપણા ઘર આંગણે એમાંનું અતિ જૂજ છે. સૌરાષ્ટ્ર શત્રુંજય-ગિરનાર જેવા તીર્થોના કારણે ગૌરવ લઈ શકે છે તેમ કળા-કારીગરી ને સ્થાપત્યની નજરે આબુ, રાણકપુર, જેસલમેર, કાપરડાજી કે મીરપુર-(હમીરગઢ)ને ભૂલાય તેમ નથી જ. દુઃખની વાત એટલી જ છે કે રાજસ્થાનમાંના આ ધામો પૂજકોની સંખ્યાના અભાવે જૈનોની વસ્તી જ્યાં છે ત્યાં પણ મુંબઈ, મદ્રાસ કે અન્ય શહેરોમાં ધંધા નિમિત્તે પુરુષ-વર્ગનો મોટો ભાગ રહેતો હોવાના કારણે અને ધર્મની-જ્ઞાનપૂર્વકની સમજના ઓછાપણાથી-અટુલા પડ્યા જેવા છે! એના યથાર્થ મૂલ્યાંકન કરવાની શક્તિ વર્તમાન કાળના જૈન સમાજમાં રહી નથી. યાત્રિકોની અવરજવર આબુ-રાણકપુર જેવામાં જણાય છે પણ એ ઉડધામ જેવી! આથી ઊલટી દશા આપણા તરફ એટલે મુંબઈ, અમદાવાદ આદિ ભાગોમાં જણાય છે. મંદિરોની સંખ્યા વધારે પણ કળા-શિલ્પની નજરે થોડા જ જડે. પૂજકોની સંખ્યા જરૂર વધારે. એથી કેટલાક મંદિરોમાં દ્રવ્ય વધી પડતાં હવે એ ભગવાનની આગળ રાખવાના સાધનોમાં ખરચાય છે! સિંહાસન-તોરણ તો ચાંદીના પતરે મઢેલા હોય પણ હવે તો એ ધોળી ને પીળી ધાતુના શણગાર સ્થંભો ને કમાડો સુધી પહોંચ્યા છે. એકાદે અશ્વો બનાવ્યા છે તો બીજા છડીદારો બનાવે છે. જીર્ણોદ્ધાર-માં આઠગણું પુન્ય છે એ વાત વીસરાઈ ગઈ છે અને વહીવટદારોની દૃષ્ટિમાં મારાપણાની વૃત્તિ આવી છે. તીર્થંકર ભગવંત પ્રત્યેની ભક્તિ જ જો રમતી હોત તો જે ચિત્ર આજે જોવા મળે છે તે બનવા ન જ પામ્યું હોત. આ તો ઇશારારૂપ લખ્યું છે પણ દેવસ્થાન સંબંધી પ્રશ્ન ખાસ વિચારણા માગે છે.

खादन्न गच्छामि हसन्न जल्पे गतं न शोचामि कृतं न मन्ये ।
द्वयोस्तृतीयो न भवामि राजन्! किं कारणं भोज! भवामि मूर्खः ॥

( ઉપજાતિ )

હસી ન હું તો કરું વાત ક્યારે, ચાલી ન ખાવાતણી ટેવ મારે;
કરેલ જે કૃત્ય વડાં કરેથી, કહી ન દેખાડું કદિ મુખેથી;
જ્યાં બે જનો વાત કરે જ કાંઈ, ઊભો રહું ત્યાં કદિ છુપાઈ;
ગઈ વસ્તુનો શોચ કરું ન હાલ, શા માટે હું મૂરખ હે નૃપાલ!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સદાચરણનું વ્યાપક સ્વરૂપ

લેખક: પૂ. મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મહારાજ

**गुणरागी गुणवंते, बहुमन्नइ निग्गुणे उवेहेइ**
**गुणसंगहे पवत्तइ, संपत्तगुणं न मइलेइ ॥**

ગુણ આત્મકલ્યાણનું અમોધ સાધન હોઈ ગુણાનુરાગી આત્મા ગુણી પ્રત્યે હેયાનો આદર ધરે છે અને નિર્ગુણીની ઉપેક્ષા કરે છે. તેની પ્રત્યે મધ્યસ્થભાવ ધારણ કરે છે. તેની પ્રવૃત્તિ માત્ર ગુણના જ સંગ્રહની હોઈ, તે પ્રાપ્ત ગુણને હાથ લગાડતો નથી.

લોકના અનાદરથી બીવું, દીન–દુઃખી લોકોને મદદ કરવી, કોઇના કરેલ ઉપકારને કદિ ભૂલવો નહિ, પણ સમય ઉપસ્થિત થતાં તેના ઉપર પ્રત્યુપકાર કરવા પણ ચૂકવું નહિ અને સારી દાક્ષિણ્યતા રાખવી એ સદાચરણ છે.

સદાચાર માનવના અંતઃકરણને ઔદાર્ય, દાક્ષિણ્યતા, પવિત્રતા, સહનશીલતા, દયા, ભક્તિ, નિર્મળ બોધ, પ્રેમ વિગેરેની લીલાભૂમિ બનાવી દે છે, અને કૃપણુતા–હિંસા–કુટિલતા–ઇર્ષ્યા–મત્સર–ક્રૂરતા અને ક્રોધાદિને દૂર ફગાવી દે છે.

લક્ષ્મીના ભોગે સદ્‌ગુણોનો સંચય એ ખરેખર સાચી માનવતા છે. જ્યારે સદ્‌ગુણોના ભોગે ધનનો સંગ્રહ એ તો ચોકખી હેવાનીયત છે. ધનમાં શક્તિ છે તે રાજસી, દંભ અને આડંબરની જનની. તે માનવને શેતાન બનાવે છે. જ્યારે સદ્‌ગુણમાં શક્તિ છે તે શુદ્ધ, સાત્ત્વિક, સત્ય ને આદર્શની જનની. તે માનવને દેવરૂપ બનાવે છે.

વિદ્યા, વિજ્ઞાન અને કળાના અભ્યાસનું પરમફળ ચારિત્ર જ છે, અને જે પોતાને એકલાને જ નહિ, પણ સહુ સમાજને પણ ગુણદાયક છે. જેનું ચારિત્ર ગુલાબના અત્તરસમું સુવાસિત છે, તે જ ખરું ભણ્યો અને તે જ સાચું ધન કમાયો. ઉજ્જવલ ચારિત્ર જ માણસનો દેવદુર્લભ વૈભવ છે. નિર્દોષ ચારિત્ર વિનાનો ગમે તેટલો વૈભવ (બાહ્ય) કેસુડાના ફૂલ જેવો નિર્ગંધ–નિષ્ફળ છે. એ જ વ્યક્તિનું મહોજ્જવલ તપ અને પરમબળ અનેકને આકર્ષે છે–નમાવે છે. ચારિત્ર વગરનું કેવળ બુદ્ધિબળ વિશ્વાસલાયક નથી, તે અનાચારમાં પરિણમી ભારે અનર્થ પણ કરી બેસે. ચારિત્ર સર્વસ્વ છે. તે વગર બુદ્ધિબળ કે દ્રવ્યસંપત્તિ નિર્માલ્ય અને નિસ્તેજ જેવા દેખાય છે. Chastity is life, sensuality is death. પવિત્રતા એ જીવન છે. જ્યારે વિષયવિકારિતા મરણ; મહાપુરુષોના ચરિત્રો અનુકરણીય દૃષ્ટાંત તેમજ આપણી સ્થિતિનું ભાન કરાવનાર માનસિક દર્પણ છે. આપણે પણ તેવા બની શકીએ. ઠીક જ કહેવાયું છે કેઃ—**गुणाः पूजास्थानं, गुणिषु न च लिंगं न च वयः**। વશિષ્ઠ પત્ની અરૂન્ધતી સીતાજી માટે કહે છે. તું ગમે તે હો. ભલે સ્ત્રી હો કે પુરુષ. બાળ હોય કે પ્રૌઢ હો, પણ તારામાં ગુણો વિશુદ્ધ છે તેથી મને તારા પ્રત્યે આદર થાય છે. ખરેખર તું ત્રણ જગત્‌ને પૂજ્ય છે. ગુણ જ પૂજા–આદરનું સ્થાન છે, પણ લિંગ કે વય નથી. ગુણીના ગુણ ઉપરનો અનુરાગ મોક્ષનું અવંધ્ય બીજ છે.

કૃપણુતા, ક્રૂરતા આદિથી દૂષિત પરિણામવાળો આત્મા નિષ્કલંકપણે ધર્મને આરાધવા સમર્થ થઈ શકતો નથી. માટે તે શુદ્ધ ધર્મને માટે ઉચિત ન ગણાય. The evil passions, rising within the mind; Hard to be overcome, should manfully be fought. He who conquers these, is the conqueror of the world. મનની અંદર ઉત્પન્ન થતાં દુર્જય દુષ્ટ મનોવિકારોની સામે બહાદુરીથી લડવું જોઇએ. જે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમના ઉપર જય મેળવે છે તે ત્રણ ભુવનનો વિજેતા છે. શુદ્ધધર્મને યોગ્ય તો ઔદાર્ય–અક્રૂરતાદિ ગુણવાળો જ હોઇ શકે. મુક્તિમાર્ગના મુમુક્ષુ પથિકે–મુસાફરે પોતાના મનોમંદિરમાં આ વાત સદા કોતરી રાખવી જોઇએ. આ સમજવામાં નીચેનું દૃષ્ટાંત માર્ગદર્શક બનશે.

પૂરાણા સમયમાં સમૃદ્ધિશાળી, વિશાળ, મનોહર અને કિલ્લા આદિથી વિરાજિત નગરીમાં પ્રજાવત્સલ અને ધર્મપ્રેમી કીર્તિચંદ્ર નામે રાજા રાજ્ય કરતો હતો, જે નીતિમાન અને પ્રજારક્ષણમાં તત્પર હોવાથી પ્રજા આનંદ–પ્રમોદમાં પોતાનો સમય પસાર કરતી હતી. તે રાજાને સમરવિજય નામે લઘુબંધુ યુવરાજ હતો.

એકદા વર્ષાકાલમાં રાજમહેલમાં રહેલા રાજાએ નદીમાં ઘોડાપૂર આવેલ દેખી, કુતૂહલતાથી મન ખેંચાતા નદીમાં ક્રીડા કરવા માટે યુવરાજ સાથે એક નાવમાં ચઢ્યો. બીજા લોકો બીજી હોડીઓમાં આરૂઢ થયા. તેઓ નદીમાં જેવા ક્રીડા કરવા લાગ્યા, તેવામાં આગળ થયેલ વર્ષાદથી એકદમ જોસબંધ પૂર વધી ગયું. તેથી હોડીઓ જુદી–જુદી દિશાઓમાં વિખરાઈ ગઈ. રાજા-વાળી હોડી પૌરજનોના પોકાર વચ્ચે અતિ વેગવાળા તોફાની પવનના ઝપાટાથી નજરથી દૂર ચાલી ગઇ.

તે હોડી કોઇ અટવીમાં ઝાડમાં ભરાઇને અટકી. તેમાંથી રાજા વિગેરે નીચે ઉતર્યા. થાકના અંગે રાજાએ નદીના કિનારા પર જેવો વિસામો લેવા માંડ્યો, તેવામાં નદીના પૂરથી ખોદાયલી ભેખડના ખાડામાં ખુલ્લું થયેલું મણિરત્નનું નિધાન રાજાની દૃષ્ટિપથમાં આવ્યું. બરોબર જોઈ રાજાએ તે પોતાના ભાઈ યુવરાજને બતાવ્યું. જાજ્વલ્યમાન રત્નનો સમૂહ જોઇ, ભાઇનું મન ચલાયમાન થતાં, વિચાર્યું કે 'રાજાને મારી નાખી રાજ્ય અને ખજાનો હું લઇ લઉં,' એમ વિચારી તેણે રાજા ઉપર ઘા કર્યો તે જોઇ નગરજનો પોકાર કરવા લાગ્યા કે;આ શો કેર પ્રવર્ત્યો ? રાજાએ બહાદુરી અને સમયસૂચકતા વાપરી તે ઘા ચૂકવી દીધો.

રાજા અક્રૂર અને ઉદાર મનવાળો હોઈ સ્વભુજાથી યુવરાજને ઝાલી રાખી બોલ્યો; "ભાઈ! તેં સ્વકુળને અઘટિત એવું વિપરીત કાર્ય કેમ કર્યું. સમર! તારે રાજ્ય કે આ નિધાનની જરૂર હોય તો ઘણી ખુશીથી લઈ શકે છે, જેથી અમે ચિંતામુક્ત થઈ પ્રવ્રજ્યાના પુનિત પંથે પ્રયાણ કરીએ." તે સાંભળી વિવેકહીન અને ક્રોધના પરિણામનો અનભિજ્ઞ સમર જોર કરી રાજાથી વેગળો થઇ ગયો. "જેના અંગે સગા ભાઇઓ પણ નિષ્કારણ આમ વૈરી બની જાય છે તેવા નિધાનનું મારે પ્રયોજન નથી." એમ વિચારી રાજાએ ભાઇને છોડી પોતાની નગરી તરફ પ્રયાણ કર્યું.

હવે સમર પ્રચંડ પાપોદયથી સામે પડેલ તે રત્નનિધિ ન દેખી શકવાથી મનમાં વિચારવા લાગ્યો કે. 'નિઃશંક રાજા તે લઇ ગયો છે.' પછી તેણે બહારવટું ખેડવું શરૂ કરી ભાઇના દેશમાં લૂંટ ચલાવવા માંડી. જ્યારે તેને પકડીને રાજા પાસે અધિકારીઓએ રજૂ કર્યો ત્યારે રાજાએ માફી બક્ષી. રાજ્યનું અર્પણ કરતાં તે ચિંતવવા લાગ્યો કે 'કોઈનું આપેલું લેવામાં બહાદુરી નથી પણ સ્વભુજાબળથી લેવામાં.' બહારવટામાં કોઇ વખત રાજાના શરીર ઉપર ધસી જતો, કોઇ વેળા ખજાનો લૂંટતો, કોઇ વેળા દેશને લૂંટતો અને પકડાતો છતાં રાજા તેને વારંવાર માફી બક્ષી રાજ્ય લેવા વિનવતો.

આ પરિસ્થિતિથી લોકમાં ચર્ચા ઉદ્ભવતી કે ભાઈ–ભાઇમાં તફાવત કેવો હોય છે. એક હડહડતો દુર્જન નિવડ્યો છે જ્યારે બીજો નિરૂપમ સજ્જનતા ધારણ કરે છે.

હવે રાજા વિરક્ત બની ઉદાસીનતામાં દિવસો પસાર કરતો હતો, તેવામાં પ્રવરજ્ઞાની મહાત્મા પધાર્યા. રાજા આનંદ પામી સપરિવાર વંદનાર્થે તેમની પાસે આવ્યો. ધર્મદેશના સાંભળતા અવસરે ભાઇના ચારિત્ર સબંધી પ્રશ્ન કર્યો. તે અંગે મહાત્માએ ફરમાવ્યું કેઃ—

પૂર્વભવે તમે સાગર અને કુરંગ નામે ભાઇઓ હતા. સાગર લોભ અને પરિગ્રહની સંજ્ઞાથી પરાભવ પામતો જ્યારે કુરંગ તે ઉપરાંત ક્રૂરતાથી. બન્ને ભાઇઓએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેપાર ખેડવા માલ લઇ દેશાંતર પ્રયાણ કર્યું. માર્ગમાં તેમનું ઘણું ધન લૂંટાઇ ગયું. જે કંઇ થોડુ બચ્યું તે લઈ નગરમાં આવી પહોંચી દુકાન માંડી. વેપાર કરતાં અતિકષ્ટે બે હજાર સોનામહોર પેદા કરી છતાં તૃષ્ણા વધી પડતાં અનેક કર્માદાનનો વેપાર આરંભી ક્રોડ સોનામહોર મેળવી તો પણ લોભસાગરની પરવશતાથી ક્રોડ રત્ન મેળવવા ધનમાલ વહાણમાં ચડાવી રત્નદ્વીપ પ્રત્યે પ્રયાણ કર્યું. તેવામાં ક્રૂરતાના કારણે કુરંગને વિચાર આવ્યો કે, 'ભાગીદાર ભાઇને મારી નાખી સઘળું દ્રવ્ય સ્વાધીન કરૂં. કારણ જગમાં ધનવાનજ સુજન ગણાય છે. લાગ પામી કુરંગે પોતાના ભાઇને ધક્કો મારી સાગરમાં નાખી દીધો; જે અશુભધ્યાને મરી ત્રીજી નરકમાં નારકી થયો. જ્યારે ભાઇનું મૃતકાર્ય કરી હૃદયમાં રાજી થઈ થોડે દૂર જતાં વહાણ ભાંગી ગયું, લોકો અને માલ ડૂબી ગયો, પણ કુરંગને પાટિયું મળી જતાં જેમ તેમ કરી ચોથે દિને દરિયાકિનારે આવી ગયો. આટલો દુઃખી થવા છતાં તે વિચારવા લાગ્યો કે હજી પણ ધન કમાઇને ભોગવિલાસ કરું, એમ વિચારી વનમાં ભટકતાં તેને સિંહે મારી નાંખ્યો, જેથી તે નરકે ગયો. પછી બન્ને સંસારમાં પરિભ્રમણ કરી સિંહ થયા, જે એક ગુફા અંગે યુદ્ધ કરી ચોથી નરકે ગયા. ત્યારબાદ સર્પ થઇ એક નિધાન માટે યુદ્ધ કરતાં મરી પાંચમી નરકે ગયા. ત્યાંથી નીકળી કેટલુંક પરિભ્રમણ કરી એક વાણીયાની સ્ત્રીઓરૂપે થયા, જે પોતાના પતિના મૃત્યુ બાદ પૈસા માટે લડી છઠ્ઠી નરકે ગયા. પાછા ભવભ્રમણ કરી એક રાજાના પુત્રો થયા, જે રાજ્ય માટે કલહ કરતાં મરી સાતમી નરકે ગયા

આમ દ્રવ્ય માટે તેમણે અનેક વેદનાઓ સહી, પણ કંઈ દાન કર્યું નહિ કે કંઇ ભોગવ્યું નહિ. બાદ કોઇ ભવમાં હે રાજન્! તેઓએ અજ્ઞાન તપ કરવાથી સાગરનો જીવ તું રાજા થયો છે. કુરંગનો જીવ તારો ભાઇ થયો છે. પછીનો સમરનો વૃત્તાંત તો તું જાણે છે હજી ચારિત્ર લીધા પછી પણ તે તને એક વાર વિઘ્ન કરશે. ત્યારબાદ ક્રૂરતાથી જીવમાત્રનું અહિત કરતો અસહ્ય દુઃખોથી શરીર બાળતો અનંત સંસાર રઝળશે.

એમ સાંભળી વૈરાગ્ય પામી રાજાએ ભાણેજને રાજ્ય સોંપી પ્રવ્રજ્યાના પુનિત પંથે પ્રયાણ કર્યું. શાસ્ત્રાભ્યાસ કરી તપથી કાયા શોષવી એકલ વિહાર અંગીકાર કર્યો. નગર બહાર કાયોત્સર્ગે રહ્યા, તેવામાં પાપિષ્ટ સમરે ત્યાંથી ક્યાંક જતાં તેને જોઇ વૈર સંભારીને ગળા ઉપર તલવાર ફેરવી દીધી, જેથી મુનિ પૃથ્વી ઉપર પડી ગયા. છતાં ચિંતવવા લાગ્યા કે 'અજ્ઞાનના કારણે નરકમાં અનંતીવાર વેદનાઓ સહન કરી છે. તિર્યંચગતિમાં પણ અનેક પ્રકારની અસહ્ય પીડા સહન કરી છે. અલ્પપીડામાં તું વિષાદ ન કર. દરિયો તરી ખાબોચીયાઓમાં કોણ ડૂબે? વિશુદ્ધ મન રાખી સર્વ જીવોમાં ક્રૂરભાવનો ત્યાગ કર અને ઘણા કર્મક્ષય કરવામાં સહાય કરનાર તારા લઘુબંધુ સમરવિજયમાં તો સવિશેષ ક્રૂરભાવનો ત્યાગ કર. પૂર્વે પણ ક્રૂરતાદિ તેં નથી કરી તેથી તું અહીં ધર્મ પામ્યો છે.' એમ ચિંતવતા તે પાપનિવારણ સાથે પ્રાણનો ત્યાગ કરી આઠમા દેવલોકે ગયા જ્યાંથી મહાવિદેહમાં એક ભવ કરી મુક્તિ પામશે.

આત્માની નિરાવરણ સ્થિતિ એ જ આત્માનો મોક્ષ છે. એ સ્થિતિ પ્રકટતાં શાશ્વત પરમશાંતિ પ્રાપ્ત થાય છે. આર્યસંસ્કૃતિમાં તે સ્થિતિ જીવનનું પરમ ધ્યેય કે પ્રયોજન મનાય છે. તેનો માર્ગ બતાવવામાં પરમ કારુણિક પ્રાચીન સંતોએ કંઇ કચાશ કે કમીના રાખી નથી. બધાએ આસ્તિક દર્શનોની તત્ત્વ વિચારણાઓનું મુખ્ય ધ્યેય અને પ્રાણીઓનું મુખ્ય પ્રાપ્તવ્ય સુખજ હોઇ તેની સિદ્ધિના એક મંત્ર સાચો માર્ગ તરીકે ન્યાય નીતિ, સચ્ચાઇ, સૌહાર્દ તેમજ સેવાના સદ્ગુણો આદિથી જીવનને સંસ્કારિત બનાવવાની બધાએ સત્પુરૂષોએ એક અવાજે ઘોષણા કરી છે. જીવનની સફળતા કે પારમાર્થિક સુખસંપન્નતા એ માર્ગ સિવાય શક્ય જ નથી.

શરીરધારી બધા જીવો પોતાના મૂળ સ્વરૂપમાં પરમાત્મા છે. કિન્તુ અવિદ્યા તથા મોહના આવરણોથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવૃત હોવાના કારણે ભવચક્રમાં ભટકી રહ્યા છે. આપણે લોકથી ડરીએ છીએ પણ પરમાત્માથી ડરતા નથી. આ લોકનો જેટલો આપણને ભય છે તેટલો પરલોક કે પરમાત્માનો નથી. ડર રાખો તો પાપનો, પરમાત્માનો અને પરલોકનો રાખજો.

મનુષ્ય સમાજ ગુણસંપન્ન સૌજન્ય ભૂમિ પર વિહરવા લાગે તો એનું ઐહિક જીવન ખૂબ સ્વાસ્થ્યવાળું બની શકે છે. અને તે ઐહિક રૂડા જીવનના પ્રતાપે પરલોક પણ સારો સુખાઢ્ય જ મળવાનો. માનવતાનો વિકાસ એ જ ધર્મ, એ જ સ્વર્ગ અને એ જ મોક્ષ. માનવતાને ઉચ્ચતમ ભૂમિકા સુધી વિકસાવવા જેટલું મહાન પૌરુષ દાખવી શકે છે, તે મહાત્મા આ દેહે જ પરમાત્મપદને પ્રાપ્ત કરે છે.

ગુણ જોનાર માણસ સદ્‌ગુણી થાય છે, દોષ જોનાર દુર્ગુણી બને છે. કારણ જેની ભાવના ગુણ જોવાની છે, તેનું અંતઃકરણ ગુણોનું જ મનન કરે છે, તેનું જ શોધન કરે છે અને તેથી તેનામાં સદ્‌ગુણો નિવાસ કરીને રહે છે. જ્યારે જેની ભાવના દોષ જોવાની છે તેનું અંતઃકરણ દોષોનું જ મનન કરે છે, તેનું જ શોધન કરે છે અને તેથી તેનામાં દોષો જ નિવાસ કરીને રહે છે. જે ભાવનામાં જેનું મન વાસિત થાય તેમાંથી તે જ ભાવનાની સુગંધ કે દુર્ગંધ નીકળવાની જ; માટે ગુણગ્રાહી થવું. ચાલણી જેવા ન થતાં કીડી જેવા થવું.

The heights by great men reached and kept were not attained at a single flight, But they worked when others slept. મહાપુરુષો જે ઊંચા સ્થાને ચઢ્યા છે અને ટકી રહ્યા છે, તે કાંઈ એક કૂદકે ચઢ્યા નથી. જ્યારે દુનિયામાં મનુષ્યો ઘોર નિદ્રામાં ઘોરતા હતા ત્યારે પણ તેઓ ઉચ્ચમાર્ગે ચડવા પોતાનો પંથ કાપતા જ રહ્યા હતા. ભગીરથ પ્રયત્ન સિવાય સાચું સુખ આપોઆપ ભેટશે એવો ખ્યાલ સ્વપ્નમાં પણ લાવવાનો નથી. આ માટે તો આળસ કે પ્રમાદ દૂર થવા જોઈએ. આત્મિક વિશુદ્ધિને અટકાવનાર વિચારો અને આચારોને જલાંજલિ અપાવી જોઈએ. આત્મસત્તાગત વિશુદ્ધિને લક્ષમાં રાખી તેવા વિશુદ્ધ થવા વિભાવોનું વિસર્જન થવું જોઇએ.

આ દૃષ્ટાંતથી સૌ સમજી શકશે કે મત્સરાદિથી દુષિત અને અપકાર કરવામાં નિરંતર તત્પર એવા સમરવિજયની કેવી દુર્દશા થઇ અને અપકાર ઉપર ઉપકાર કરવામાં તત્પર કીર્તિચંદ્રની કેવી સદ્‌ગતિ થઇ. આથી સદાચરણ અને દુરાચરણનું વ્યાપક સ્વરૂપ સારી રીતે સમજાય છે.

અન્યનું બૂરું કરવાની વૃત્તિવાળા મનુષ્યનું પોતાનું જ બૂરું થાય છે. જીવનપંથ ભૂલેલા પવિત્ર સ્થાનને પણ અપવિત્ર સ્થાન બનાવી મૂકે છે. ત્યાગના ધામને પણ ભોગનો અખાડો બનાવી નાખે છે અને વૈરાગ્યના સાધનોને પણ ઉપહાસનું સાધન માની લે છે, અને પોતાની બૂરઆઇ નોતરે છે; માટે સૌ સદાચરણપરાયણ બનો, એ જ મંગલ કામના.

वने कुरंगास्तृणधान्यभुक्ता बुभुक्षिता घ्नन्ति कदा न जीवान् ।
एवं कुलीना व्यसनाभिभूता न नीतिमार्गं परिलंघयन्ति ॥

ઉપજાતિ

ભૂખે ભલે પિંડથી પ્રાણ જાય, હરિણ ના હિંસક તોય થાય;
આવી પડે સાધુ ભલે અપાયે, છોડે ન નીતિ તદપિ જરાયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવનમાં પ્રેમ અને ઓજસ્નું મહત્ત્વ

લેખક—શ્રી પ્રણુવ મ. ઘાટલીયા

જેમ સાકરમાં ગળપણ છે, તેમ પ્રેમમાં આનંદ છે. મોઢામાં સાકરનો ટુકડો મૂકતા જેમ ગળપણનો સ્વાદ આવે છે, તેમ પ્રેમીને પોતાના પ્રેમીના સ્મરણમાં પણ આનંદનો અનુભવ થતો હોય છે, સર્વોત્તમ આનંદનો અનુભવ ઈશ્વરને પ્રેમ કરવાથી પ્રાપ્ત થાય છે.

જ્યાં પ્રેમનો જેટલો વિશુદ્ધ પ્રકાશ હોય છે તેટલું જ આકર્ષણ થાય છે. માતામાં, પિતામાં, સ્ત્રીમાં, પુત્રમાં, મિત્રમાં, સહયોગીમાં આકર્ષણનો આધાર પ્રેમતત્ત્વ છે. પ્રેમ જ એકબીજાનો યોગ કરી આપે છે.

આજે જીવસૃષ્ટિમાં જે ગતિ દેખાઈ રહી છે તે પણ પ્રેમ અને આનંદની પ્રાપ્તિ માટે તેમનો પ્રયત્ન છે. એક માત્ર પ્રેમરૂપ પરમાત્મા સાથે યોગ થાય તે માટે જીવ માત્ર પ્રયાસ કરે છે.

બાળકને શી રીતે સમજાય કે સ્ત્રીસુખ કેવું હોય ! સંસારના વ્યવહારુ માનવીઓને ઈશ્વર પ્રત્યેના પ્રેમથી પ્રગટતા પરમાનંદનો પરિચય શી રીતે આપવો ? પરમાત્માની અનંત શક્તિની સમજણ પણ પ્રાપ્ત થવી મુશ્કેલ છે.

સર્વોત્તમ આનંદ અનુભવવા માટે સર્વોત્તમ પ્રેમ જોઈએ. માનવી વિશ્વના સર્વ જીવો પ્રત્યે જો સર્વોત્તમ ભાવથી પ્રેમ કરે તો સ્વાભાવિક રીતે તેનામાં મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય પ્રગટે. પરિણામરૂપે પોતે આંતર શાન્તિ અને સાત્વિક આનંદ અનુભવે.

સદ્ધર્મ ધ્યાનમાં સારી રીતે જોડાવા માટે શ્રી જિનેશ્વરોએ મૈત્રી પ્રમુખ ચાર શ્રેષ્ઠ ભાવનાઓ કહેલી છે.

જગતના સર્વ જીવોનું હિત ચિંતવવું તે મૈત્રી ભાવના છે. તેવું હિત કરવાનો જેનામાં ગુણ છે તેનો પક્ષ ગ્રહવો તે પ્રમોદ ભાવના છે. દુઃખી પ્રાણીઓનાં દુઃખ મટાડવાની ઇચ્છા (બુદ્ધિ) તે કરુણા ભાવના છે. દુષ્ટ બુદ્ધિવાળા જીવોનાં ઉપર પણ રાગદ્વેષ રહિતપણે વર્તવું તે માધ્યસ્થ (ઉપેક્ષા) ભાવના છે.

ધર્મના આદેશો આવા ગુણો કેળવવા માટે છે.

વર્તમાન દુનિયામાં ધન-સત્તાની કિંમત વધી છે. પ્રેમની કિંમત ઘટી છે. માનવહૃદય સંકુચિત થયું છે અને પ્રેમનો વહેવાર કઠીન થતો જાય છે. નૈતિક ધોરણ નીચું જાય છે. માનવી માનવી વચ્ચેના વ્યવહારમાં પણ પ્રેમનો દુષ્કાળ વર્તાય છે.

પ્રત્યેક ધર્મમાં અહિંસા, સત્ય, સદાચાર, સેવા, વગેરેના નિયમોના પાલનથી પ્રેમ દ્વારા વ્યક્તિના નૈતિક બળ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે, પરંતુ આજે રાજકર્તાઓ, અધિકારીઓ તથા પ્રજાનો મોટો વર્ગ નૈતિક બળની ઉપેક્ષા કરે છે. તેઓ બાહ્ય રચનાને આંતરિક રચના કરતાં વધુ મહત્ત્વ આપતા હોય છે. ધર્મના નામે અંગત સ્વાર્થ સિદ્ધ કરનારાથી તેઓની ધર્મ અને ઈશ્વર ઉપરની શ્રદ્ધા તૂટી જાય છે.

ધર્મના આદેશો તો પ્રજાનું નૈતિક જીવનધોરણ ઊંચું લઈ જનારા છે. પ્રજાનું નૈતિક ધોરણ ઊંચું લાવવાની રાજકર્તાઓની પણ જવાબદારી છે. આજના અધિકાર વર્ગની અને પ્રજાજનોની ઈશ્વર પ્રત્યેની, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા ઓસરતી જાય છે. એક વર્ગ તો નૈતિક તેમજ આધ્યાત્મિક બળની ઉપેક્ષા કરે છે. તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેમથી અન્યનું હૃદય પરિવર્તન કરી તેને સન્માર્ગે ચઢાવવાની સાધુ–સંતોની રીતને હાસ્યાસ્પદ ગણે છે.

જો શાસન કરનારાઓ પ્રજાનું કલ્યાણ ઇચ્છતા હોય તો તેમણે પ્રજામાં આધિભૌતિક, આધિદૈવિક તથા આધ્યાત્મિક શાંતિ કેમ સ્થપાય તે માટેના પ્રયત્નો કરવાં જોઇએ. આજે માત્ર આધિભૌતિક અશાંતિની ઉપેક્ષા કરવાથી આંતરિક અશાંતિ વધી છે. પ્રજામાં આધ્યાત્મિક શાંતિ સ્થાપવા માટે શાસન કરનારાઓએ જ્ઞાની મહાત્માઓની, સાધુસંતોની, ધર્મગુરુઓની સહાય જરૂરી છે. જેમ ઘર બાંધવા માટે ઇજનેરની સહાય જરૂરી છે તેમ પ્રજાના આધ્યાત્મિક કલ્યાણના માર્ગો યોજવા માટે જ્ઞાની મહાત્માઓની સહાય જરૂરી છે. પ્રાચીન ભારતના રાજાઓ ગુરુઆજ્ઞાને મસ્તકે સ્થાપતા, વહેવારુ જીવનમાં માતાપિતાદિની જેવી રીતે આવશ્યકતા છે, તેવી રીતે આધ્યાત્મિક શાંતિ માટે સુદેવ અને સુધર્મની અનિવાર્ય આવશ્યકતા છે.

આપણે ન ભૂલીએ કે બુદ્ધિબળ કરતાં આત્મિક બળ અનંતગણું શક્તિશાળી છે અને આ આત્મિક બળ અન્યની સેવાથી તથા કલ્યાણના કાર્યો કરવાથી પ્રગટે છે. આવા સત્કાર્યો આપણી ફરજ સમજીને પરમાત્માના સ્મરણપૂર્વક કરવા જોઇએ. જો આપણે પરમાત્માને વિસરશું તો 'હું સેવાનું કાર્ય કરી રહ્યો છું.' તેનો અહંકાર આવી જશે.

જેમ બાળકને મોટા થયા પછી રમકડાંમાં આનંદ આવતો નથી તેમ જો આપણે પણ મોટા થઇએ, આપણા હૃદયને વિશાળ બનાવીએ, વિશ્વના સર્વ જીવો પ્રત્યે પ્રેમ વિકસાવીએ તો પ્રાપ્ત થતા પરમ-આનંદ પાસે અન્ય સર્વ આનંદો તુચ્છ લાગશે.

આધ્યાત્મિક શાંતિ થયે આધિદૈવિક અને આધિભૌતિક શાંતિ પણ પ્રાપ્ત થશે.

જીવનમાં શાંતિ અને સુખ પ્રગટાવવા માટે સાત્ત્વિક ઓજસ દ્રવ્યની સમજણ અગત્યની છે.

ભારતના પ્રાચીન આયુર્વેદ શાસ્ત્રોમાં "ઓજસ" સંબંધી ઉલ્લેખો છે.

સુશ્રુતસંહિતામાં ઓજસનું મહત્ત્વ દર્શાવતા કહ્યું છે કે,

**औजः सौम्यात्मकं स्निग्धं शुक्लं**
**शीतं स्थिरं सरम्;**
**विविक्तं मृदु मृत्स्नं च**
**प्राणायतनमुत्तमम् ॥ (२१)**

ઓજસ સૌમ્ય, સ્નિગ્ધ, સફેદ, શીતળ, સ્થાયી પ્રવાહી રૂપમાં છે, શ્રેષ્ઠ ગુણયુક્ત કોમળ છે. પ્રાણ તેમાં રહે છે. (સુશ્રુત–સંહિતા અધ્યાય–૧૫)

"ઓજસ" એ જીવનતત્ત્વ છે. યોગીઓ ઓજસનો સંચય કરીને સિદ્ધિઓ પ્રગટાવે છે. આ ઓજસ શરીરમાં વ્યાપેલું છે. ઓજસના નાશથી શરીરનો નાશ થાય છે.

અષ્ટાંગહૃદયમાં ઓજસને શરીરસ્થિતિમાં કારણભૂત જણાવ્યું છે.

**ओजस्तु तेजो धातूनां शुक्रान्तानां परं स्मृतम् ।**
**हृदयस्थमपि व्यापि देहस्थितिनिबन्धनम् ॥३७॥**

શુક્ર સુધીના સર્વ ધાતુઓનું તેજ તે ઓજસ છે. હૃદયમાં રહેવા છતાં આખા શરીરમાં છે. શરીરની સ્થિતિમાં તેજ કારણભૂત છે.

(અષ્ટાંગહૃદયે સૂત્રસ્થાનમ્ અધ્યાય ૧૧ મો )

માનવી ઓજસ્ કેવી રીતે ગુમાવે છે ।

ક્રોધ, માન, માયા અને લોભથી રક્ત કે શુક્રના વહી જવાથી, આપણે ઓજસ ગુમાવીએ છીએ. ઓજસ ઓછું થતાં આળસ આવે, ગાત્રો શિથિલ થાય, કંઇ કામ ન ગમે, નિદ્રા ઊડી જાય, હૃદય ખૂબ જ ઝડપથી ચાલે, દુર્બળતા આવે.

**ओजः क्षीयते कोपक्षुद्ध्यानशोकश्रमादिभिः ।**
**बिभेत दुर्बलोऽभीक्ष्णं ध्यायति व्यथितेन्द्रियः (२९)**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રોધ, ક્ષુધા, ચિંતા, દુર્ધ્યાન, અતિશ્રમ, શોકથી ઓજસનો નાશ થાય છે. ઓજસના ક્ષયમાં શરીરની કાંતિ ફીક્કી પડી જાય છે. મન દુર્બળ બને છે. ગાત્રો શિથિલ થાય, દુર્બળતા આવે છે.

(અષ્ટાંગહૃદયે સૂત્રસ્થાનમ્ અધ્યાય-૧૧ મો)

અનંતશક્તિશાળી ઈશ્વરના સ્મરણ ચિંતન દર્શન-વડે આપણું ઓજસ વધે છે.

**ओजोवृद्धौ हि देहस्य तुष्टिपुष्टिबलोदयः॥ (૪ )**

ઓજસની વૃદ્ધિમાં શરીરમાં તુષ્ટિ પુષ્ટિને બળની વૃદ્ધિ થાય છે. ( અષ્ટાંગહૃદયે સૂત્રસ્થાનમ્ અધ્યાય ૧૧ મો )

જગતના જડ તેમજ ચેતન સર્વ પદાર્થોમાંથી એક સૂક્ષ્મ દ્રવ્ય વહે છે જેને અંગ્રેજીમાં Magnetic Fluid ' મેગ્નેટીક ફ્લુઈડ ' કહે છે. આ સૂક્ષ્મ દ્રવ્ય પ્રાણી પદાર્થની જાતિ પ્રમાણે વિવિધ ગુણધર્મવાળું હોય છે.

ચંદન, કપુર, ફળ, લીંબડો, કાંસું, બિલીપત્ર વગેરે પદાર્થોમાંથી સત્વગુણી ઓજસ દ્રવ્ય વહે છે. જે તેનો ઉપયોગ કરનાર માનવીને સાત્વિક બનાવવામાં સહાયક થાય છે, તેથી ભારતના કેટલાક રિવાજોમાં આ પદાર્થોનો ઉપયોગ થાય છે.

સોનું, ચાંદી વગેરે પદાર્થોમાંથી વહેતું સૂક્ષ્મ ઓજસ દ્રવ્ય રાજસને ઉત્પન્ન કરે છે. અને તમાકુ, દારૂ, લોખંડ વગેરેના ઉપયોગથી તામસ ઉત્પન્ન થાય છે. તેથી સ્ટેનલેસ સ્ટીલના વાસણોમાં લેવાયેલું ભોજન હાનિકારક છે.

આવી રીતે માનવીમાં પણ સત્વગુણી, રજોગુણી અને તમોગુણી મનુષ્યોના સંસર્ગથી તે તે ગુણી અસર કરે છે. સત્વગુણી સંત મહાત્માઓના શરીર-માંથી વહેતા સાત્વિક ઓજસ દ્રવ્યનો લાભ લેવા સત્સંગનો મહિમા ગવાયો છે.

આ ઓજસ દ્રવ્ય માનવ શરીરમાંથી અધિક પ્રમાણમાં બહાર નીકળવાના ત્રણ મોટા દ્વાર છે. નેત્ર, હાથ અને ચરણ.

આપણે ઘણીવાર સાંભળીએ છીએ કે નજર લાગી ગઈ ને ખેદાનમેદાન થઈ ગયો. અથવા સાધુ-સંતો અને ઈશ્વરની કૃપાદૃષ્ટિ થઇ અને તે સુખી થયો. એવી કઈ શક્તિ આંખમાંથી વહે છે જેની અસર આટલી હોય !

મહાત્માઓના ચરણમાંથી અધિક પ્રમાણમાં શુદ્ધિ સાત્વિક ઓજસ દ્રવ્ય વહેતું હોય છે. મહાત્માઓના ચરણસ્પર્શ—ચરણ ધોઇને પાણી પીવાથી, તથા કૃપાદૃષ્ટિથી આ ઓજસ પ્રાપ્ત થાય છે. સાધુ સંતો ભક્તના માથે હાથ મૂકીને તેને સાત્વિક ઓજસનું દાન આપે છે.

ઓજસ દ્રવ્ય સ્ત્રીની ડાબી આંખમાંથી અને પુરુષની જમણી આંખમાંથી વધુ પ્રમાણમાં વહે છે. હાથમાં પણ અનામિકા આંગળીમાંથી વધુ પ્રમાણમાં ઓજસ દ્રવ્ય વહેતું હોય છે. એટલે તે આંગળીથી પૂજા કરવાનો રિવાજ, તે આંગળી ઉપર માળા રાખી મંત્રો ગણવાનો રિવાજ; તેમજ લગ્ન સમયે તે આંગળીએ વીંટી પહેરાવવાનો રિવાજ સ્થપાયો છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે ગર્ભમાં ઉત્પત્તિના સમયે અપર્યાપ્ત અવસ્થામાં રુધિર શુક્રના સંમીલનથી ઉત્પન્ન થયેલ પુદ્ગલોનો આહાર જીવ ગ્રહણ કરે છે, તેને ઓજાહાર કહેવાય છે. તે આહારમાં જેમ પ્રેમના તત્વો છે તેમ વિશ્વપ્રેમ અને ઇશ્વરપ્રેમ કરવાથી આત્માને બળ, શક્તિ, ઉલ્લાસ, પ્રસન્નતા વગેરે મળે છે તેને ઓજસના આહારની ઉપમા આપી શકાય.

મંત્રસિદ્ધિમાં ઓજસ દ્રવ્યનો સંચય ઘણો મહત્ત્વનો છે. ભાવ અનુસાર વિચારોનું ઓજસ શરીર બને છે. ઓજસ દ્રવ્ય યોગ્ય પ્રમાણમાં પ્રાપ્ત થવાથી કાર્યસિદ્ધિ થાય છે.

For Private And Personal Use Only

આવા ઓજસ દ્રવ્યને વધુ પ્રમાણમાં ભેગું કરવા માટે નીચેની ભાવનાઓ અત્યંત ઉપયોગી છે.

'જગતના સર્વ જીવોનું કલ્યાણ થાઓ.'

'જગતના સર્વ જીવોને શાંતિ મળો.'

'જગતના સર્વ જીવોને સુખપ્રાપ્તિ થાઓ.'

આવા સમષ્ટિ બુદ્ધિના ભાવથી આપણો અહંકાર નાશ પામશે. અભેદભાવ આવશે રાગદ્વેષ ટળશે. વિશ્વપ્રેમી પરમાત્મામાંથી વહેતા અખૂટ ઓજસ દ્રવ્યનો લાભ મળશે.

ભારતમાં ધાર્મિક રીતે બે વ્યક્તિઓ મળે ત્યારે 'જય જિનેન્દ્ર' 'જયશ્રી કૃષ્ણ' વગેરે બોલવાના રિવાજ પાછળ ઊંડું રહસ્ય રહેલું છે તેથી સર્વ જીવોના હિતનો ભાવ વૃદ્ધિ પામે છે. તે માટે 'જય' થાય તેવો ભાવ કરવામાં આવે છે.

આપણે આપણું ઓજસ ધર્મ, સંઘ તેમજ સદ્ગુરુદેવની 'જય'માં વાપરવું જોઇએ. કારણ કે તેઓ આપણાં આત્માનું કલ્યાણ થાય તેવી જ વૃત્તિઓ અને તેવું વર્તન કરનારા છે.

સાધુ મહાત્માઓ પોતાનું ઓજસ જાળવવા કામળી તથા બ્રહ્મચર્યનો ઉપયોગ કરે છે, વધારે વખત ખુલ્લી હવામાં રહેવાથી ઓજસ દ્રવ્યનો નાશ થાય છે. તે કારણે ખુલ્લામાં સુવાનો તેમજ ભોજન લેવાનો નિષેધ છે.

બ્રાહ્મણની સ્ત્રી પણ રજસ્વલા થાય ત્યારે તેને મંદિરમાં જવાનો નિષેધ છે. ભારતના પ્રાચીન રિવાજો પાછળ વૈજ્ઞાનિક તથ્યો રહેલા છે. તેની પાછળ સત્ત્વગુણ તથા તમો ગુણ વચ્ચે ટકરામણ ન થાય તથા બન્નેનું હિત થાય તે માટેનો શુભ હેતુ છે.

જેમ હવા ખાવાના સ્થળોએ જનારાઓ તાજગી અને સ્વસ્થતા મેળવે છે. સરકાર પણ રેલ્વે કન્સેશન તેમજ અન્ય સુગમતાઓ આપે છે. તેમ તીર્થસ્થાનો આત્મિક શાન્તિ મેળવવા માટે છે; કારણ કે અહિં ઓજસ દ્રવ્ય સંઘરાએલું છે.

પ્રજામાં આંતરિક શાન્તિ તેમજ નૈતિક જીવન-ધોરણ ઊંચું લાવનારા ધર્મના સિદ્ધાંતો જ છે, તેનું શિક્ષણ પ્રજાને આપવાનું ફરજીઆત હોવું જોઇએ. સ્કૂલ તથા કોલેજોમાં ધાર્મિક અભ્યાસ અવશ્ય કરાવવો જોઇએ.

માનવી પોતાને પ્રાપ્ત ઓજસ દ્રવ્ય સંયમભર્યા જીવનથી ન ગુમાવે. વિશ્વપ્રેમ અને ઈશ્વરપ્રેમવડે પોતાને પ્રાપ્ત ઓજસ દ્રવ્યને શુદ્ધ સાત્ત્વિક બનાવે. ધર્મના નિયમો કુદરતના નિયમો ઉપર રચાએલા હોઇ તેના પાલનપૂર્વક પોતાના ઓજસનો સદઉપયોગ કરે.

અને આજના શાસન કરનારા આધ્યાત્મિક શાન્તિ તેમજ નૈતિક જીવનનું મહત્ત્વ સમજી પ્રજાનું ઓજસ દ્રવ્ય દુર્વ્યય પામી રહ્યું છે, તેને સાત્ત્વિક કાર્યોમાં વહેતું કરવાના પ્રયાસો કરે.

સાત્ત્વિક ઓજસને પ્રાપ્ત કરવા માટે માનવીને સત્સંગ, સાત્વિક વાતાવરણ, સદાચારનું પાલન, જીવમાત્રના હિતનો ભાવ, દેવમંદિરો, શાસ્ત્રો સદ્ગુરુની કૃપા સહાયક છે.

卐

न जारजातस्य ललाटशृंगम्, कुलप्रसूतस्य न पाणिपद्मम् ।
यदा यदा मुञ्चति वाक्यबाणम् तदा तदा जातिकुलप्रमाणम् ॥

ઉપજાતિ

ન નીચને શૃંગ શિરે અણાણું, કુલીનને હાથ ન પદ્મ જાણું;
જેવા વહાશે મુખથી જ બોલ, તેવો જ થાશે નિજ જાતિ બોલ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર સાર

**ભાવનગર—સ્વર્ગારોહણ તિથિ ઉત્સવ**

ભાવનગરને આંગણે જેઠ વદ ૩ને રવિવારે બપોરના ચાર વાગે ટાઉનહોલમાં સ્વ. યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજની ૩૫મી સ્વર્ગારોહણતિથિ શાંતમૂર્તિ આચાર્યદેવ કીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂજ્ય પંન્યાસશ્રી સુબોધસાગરજી મહારાજની નિશ્રામાં ભવ્ય રીતે ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે પરમપૂજ્ય પંન્યાસ શ્રી સુબોધસાગરજી મહારાજે એક કલાક સુધી સચોટ અને લાક્ષણિક વાણીમાં બુલંદ અવાજે યોગી ગુરુદેવશ્રીના બાલ્યજીવન, યુવાનજીવન, સાધુજીવન, યોગની સાધના, સાહિત્ય-સર્જન તથા અંતિમ સમયની સમાધિ વિગેરે જીવનની અનેકવિધતા ઉપર સવિસ્તર વિશિષ્ટ વિવેચન કર્યું હતું. તદુપરાંત મુનિરાજશ્રી મલયવિજયજી મહારાજે તથા મુનિરાજશ્રી મનોહરસાગરજી મહારાજે પણ સુંદર શૈલીમાં ગુણગાન કર્યા હતાં તથા મુનિરાજશ્રી રાજહંસવિજયજી મહારાજ તથા સંગીતકાર શ્રી ચંદુભાઈ તથા નાનુભાઈએ ગુરુગીત ગાયા હતાં તથા શાસ્ત્રીજી નર્મદાશંકરભાઈએ પ્રસંગોચિત ગુરુગુણાનુવાદ કર્યા હતાં. કૃષ્ણનગર જૈન ઉપાશ્રયે સવારે ૮॥ વાગે શાહ અમીચંદભાઈ પોપટલાલ તરફથી પૂજા ભણાવવામાં આવી હતી. આ પ્રસંગે ભાવનગરની જનતામાં ઉત્સાહ ઘણો સારો હતો ને સુંદર લાભ લીધો હતો

**મુંબઈ : શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની જયન્તી**

અત્રે શ્રી કેદારનાથજીના પ્રમુખપણા નીચે આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજની જયન્તી હિરાબાગમાં ઊજવવામાં આવતા જુદા જુદા વક્તાઓએ સમયોચિત વિવેચનો કર્યા હતા.

આ પ્રસંગે જનતાએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

**મંત્રી નિમાયા** :—શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળામાં મંત્રીની ખાલી પડેલ જગ્યાએ શ્રી કાન્તિલાલ જ. દોશીની નિમણૂંક કરવામાં આવી છે.

## શેઠ આણંદજી પરસોત્તમ જૈન સાર્વજનિક દવાખાનાનું ઉદ્ઘાટન

ભાવનગરખાતે એક આયુર્વેદિક દવાખાનું ચલાવવા માટે શેઠ આણંદજી પરસોત્તમના કુટુંબીઓ તરફથી ભાવનગર જૈન સંઘને એક મોટી રકમ આપવામાં આવી હતી અને તેમાંથી એક આયુર્વેદિક પદ્ધતિએ દવાખાનું ચલાવવામાં આવતું હતું. આ દવાખાનું એલોપથી શૈલીએ ચલાવવાનું સંઘને યોગ્ય લાગતા ટ્રસ્ટીઓએ સંમતી આપી અને એ મુજબ દવાખાનાના સંચાલન માટે એક કમિટિ નિયુક્ત કરવામાં આવી, દવાખાના માટે અનુકૂળ એવું એક મકાન તરત તૈયાર કરવામાં આવ્યું અને સૌરાષ્ટ્રના જાણીતા કાર્યકર શ્રી જગુભાઈ પરિખના પ્રમુખપણા નીચે તા. ૧૦–૭–૬૦ રવિવારના શ્રી ટાઉનહોલમાં એક જાહેર સમારંભ યોજીને ગોહિલવાડ જિલ્લાના મુખ્ય મેડીકલ ઓફીસર શ્રીયુત વ્યાસ સાહેબના હસ્તે દવાખાનાની ઉદ્ઘાટન વિધિ કરવામાં આવી.

સમારંભ પ્રસંગે, શ્રી કાન્તિલાલ શાહે દવાખાનાનો ઇતિહાસ રજૂ કર્યો, ત્યારબાદ શ્રીયુત દેવેન્દ્ર દેસાઈ, શ્રીયુત ગંભીરદાસ શાહ, શ્રી ભાઈચંદભાઈ શાહ, પ્રસિદ્ધવક્તા શ્રી શિવજી દેવશી, શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ આદિએ સમયોચિત વિવેચન કરતા જાહેર તંદુરસ્તી, ડૉકટરોનો ધર્મ અને દવાખાનાની ફરજનો ખ્યાલ આપ્યો અને શેઠ આણંદજી પરસોત્તમના કુટુંબીઓને આવી ઉમદા સખાવત કરવા બદલ ધન્યવાદ આપવામાં આવ્યા.

ત્યારબાદ શ્રીયુત વ્યાસ સાહેબે દવાખાનું ખુલ્લું મૂકવાની જાહેરાત કરી, ભાવવાહી સમયોચિત વિવેચન કર્યું. છેવટ શ્રી જગુભાઈએ પોતાની લાક્ષણિક શૈલીમાં પ્રાસંગિક પ્રવચન કર્યું અને શ્રી દીપચંદભાઈએ આભારવિધિ કર્યા બાદ હારતોરાનો વિધિ કરવામાં આવ્યો. છેવટે વિદાયગીત ગવાયા બાદ સૌ વિખરાયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાંચનાલયનું ઉદ્‌ઘાટન

શેઠ અનોપચંદ ગોવિંદજી ટ્રસ્ટ તરફથી શ્રી અજવાળી બહેન વાંચનાલયનો આરંભ તા. ૨૬-૬-૬૦ રવિવારે શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળાના મકાનમાં કરવામાં આવ્યો.

આ નિમિત્તે શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના વ્યાખ્યાન હોલમાં સૌરાષ્ટ્રના આગેવાન રાષ્ટ્રસેવક શ્રી જગુભાઇ પરીખના પ્રમુખપદે સવારના ૯-૩૦ વાગતા એક સમારંભ યોજવામાં આવ્યો હતો, જ્યારે શહેરના આગેવાન નાગરિકો તથા સમાજના ગૃહસ્થોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

આરંભમાં શ્રી વૃદ્ધિચંદ્રજી કળામંડળે સુમધુર સ્વરે મંગળ ગીત રજૂ કર્યું, શ્રી કાન્તિલાલ જે. શાહે પત્રિકાનું વાચન કરી પ્રમુખસ્થાન સ્વીકારવા માટે શ્રી જગુભાઇને વિનતી કરી.

ટ્રસ્ટના મંત્રી શ્રી સવાઈલાલભાઇએ ટ્રસ્ટ અને વાંચનાલયની હકીકત રજૂ કરી. શ્રી ભાઇચંદભાઇ અ. શાહે પ્રસંગને અનુલક્ષીને આવેલ સંદેશાઓ રજૂ કર્યા અને ટ્રસ્ટે સાર્વજનિક દૃષ્ટિ રાખીને વાચનાલય શરૂ કર્યું તે માટે આનંદ વ્યક્ત કર્યો.

ત્યારબાદ શ્રી કલ્યાણચંદ્રજી બાપાએ જ્ઞાનની મહત્તા સમજાવી. શ્રી રતિલાલ દીપચંદ દેસાઇએ આજના યુગમાં વાંચનાલય અને પુસ્તકાલયનું મહત્વ કેટલું છે તે સમજાવ્યું. ભાવનગર જૈન સંઘની મહત્તાનો નિર્દેશ કર્યો અને પ્રસિદ્ધવક્તા શ્રી શિવજીભાઇ દેવસીએ "વાતો નહિ પણ કામ કરતા શીખો"નું મહત્વ સમજાવી ભાવનગરના સંઘની તાકાતનો ખ્યાલ આપ્યો.

શ્રીયુત જયભિખ્ખુએ નાનો સમુદાય કે શક્તિ પણ જ્યારે પોતાના દીલમાં તમન્ના જાગે છે ત્યારે કેવું ભગીરથ કાર્ય કરી શકે છે તે વાત સમજાવતો "સત અને પત"ની કથાના સમર્પણનો દાખલો આપી દરેક કાર્ય વિદ્યા અને તમન્નાનો સુમેળ સાધી પાર પાડવા માટે અનુરોધ કર્યો.

શેઠશ્રી ભોગીલાલભાઇએ પ્રમુખશ્રી જગુભાઇને વાંચનાલય ખુલ્લું મૂકવાની વિનતી કર્યા બાદ આજના પ્રજાકીય વિકાસમાં સર્વદેશીય જ્ઞાન મેળવવાની કેટલી જરૂર છે તે વાત સુંદર રીતે સમજાવવા બાદ વાંચનાલયનું આજના યુગમાં કેટલું મહત્વ છે તે સમજાવીને તેનો દરેક પ્રજાજને રસપૂર્વક ઉપયોગ કરતા રહેવા માટે ખાસ ભાર મૂકયો હતો.

વધુમાં કેનેડાથી આવેલ એક પ્રતિનિધિ સાથે તેઓની થયેલ વાતચીતના કેટલાક પ્રસંગો રજૂ કરી તેઓએ જણાવ્યું કે ભારતમાં ઉદ્યોગના વિકાસ માટે જે પ્રયત્નો થઇ રહ્યા છે તેના પરિણામે ભારત સમૃદ્ધ થશે. પરંતુ માનવીના ઘડતરનું—સંસ્કાર અને સર્વદેશીયદૃષ્ટિએ વિકાસ કરવાનો ભારતને રહે છે. આપણા બાળકો સશક્ત, બુદ્ધિશાળી, સુકોમળ લાગણીવાળા અને તેજસ્વી બને તે માટે આપણે ઘણું કરવાનું છે.

અને પુખ્ત ઉંમરના માણસોમાં એક જ વિષયને બદલે જુદા જુદા વિષયમાં તેમનો બુદ્ધિવિકાસ ટકી રહે અને નિવૃત્ત અવસ્થાવાળાઓનો જનતાના વિકાસ માટે તેમનો ઉપયોગ કરી શકાય તેવી વ્યવસ્થા કરવી જોઇએ.

લોકજીવનનું આવું ઘડતર થાય તે માટે મંદિરો વગેરે સ્થાનોનો વ્યાપક ઉપયોગ કરવો જોઇએ. આવું કામ અમુક સમાજ કે ધર્મના લોકો ભેગા મળીને ભલે કરે, પણ એનો સાર્વજનિક હેતુ ભુલાવો ન જોઇએ. છેવટ તેઓશ્રીએ વાંચનાલય ખુલ્લું મૂકયાની જાહેરાત કરી હતી અને શ્રી ગુલાબચંદ લલ્લુભાઇએ સૌનો આભાર માનવા બાદ પ્રમુખશ્રી ગ્રંથમાળાના મકાને વાંચનાલય ખુલ્લું મૂકવા માટે ગયા હતા. જ્યાં મુનિશ્રી વિશાળવિજયજી મહારાજે માંગલિક સંભળાવ્યા બાદ શ્રી જગુભાઈ પરીખના હસ્તે જ્ઞાન—દીપક પ્રકટાવવા બાદ સૌ ઉત્સાહપૂર્વક વિખરાયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

"દરેક રાષ્ટ્રના નાગરિકોએ પોતાના રાષ્ટ્રનો સ્વાર્થ છોડવો જોઇએ. બીજા દેશોના ભોગે સ્વરાષ્ટ્રનો ઉદય કરવો એ સંકુચિતપણું છે. રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેની નીતિ જુદી હોવાથી વિશ્વબંધુત્વ અને વિશ્વ-વાત્સલ્યની ભાવનાનો ઉદય થતો નથી."

"નાગરિક જાતે કેળવાય એટલે કુટુંબો નિયમમાં આવે, કુટુંબો નિયમમાં આવે એટલે તેમની સરકારો સુવ્યવસ્થિત બને એટલે આખું જગત શાંત અને સુખી થાય."

—કોન્ફ્યૂશિયસ

"અન્યાય ભરેલા કાયદાઓનું પાલન કરવું એ કાયરતા છે-એ મર્દાનગી નથી એવું જો માનવને ભાન થાય તો કોઇની આપ-ખુદી એને ગુલામ બનાવવા સમર્થ નથી"

—ગાંધીજી

"તમે તમારી જાતને જેટલી ચાહો છો તેટલી ચાહના તમારા પાડોશીને દાખવો."

—ઇસુ

"સર્વદા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો."

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ : ભાવનગર.

For Private And Personal Use Only